આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- તૌફિક સમા

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૩૦-૦૬-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## પ્રધાનમંત્રી મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે અગિયાર વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર “મન કી બાત” કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની એક સો અગિયારમી કડી હશે. શ્રી મોદીના સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ સંભાળ્યા બાદ આ “મન કી બાત”ની પહેલી કડી હશે.

અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## MOU-સાયન્સ ટેકનોલોજી વિભાગ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગ દ્વારા ડીપ ટેક્નોલોજી અંતર્ગત ત્રણ મહત્વપૂર્ણ સમજૂતી કરાર કર્યા છે. તે

અંતર્ગત માઇક્રોસોફ્ટ અને સાયન્સ ટેક્નોલોજી વિભાગ ગિફ્ટસિટીમાં કૃત્રિમ બુદ્ધિમત્તા સેન્ટર ઑફ એક્સલન્સની સ્થાપના કરશે.

આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીઓ વિવિધ ક્ષેત્રોના પાયલોટ પ્રોજેક્ટ્સ, સફળ પાયલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજશે.

નાસ્કોમ સાથે થયેલા સમજૂતી કરાર અન્વયે રાજ્યની કૃત્રિમ બુદ્ધિમત્તાની ક્ષમતાઓને વધારે મજબૂત કરાશે. નાસ્કોમ વિવિધ ક્ષેત્રોના કૃત્રિમ બુદ્ધિમત્તા સોલ્યુશન્સ વિકસાવવા, પાયલોટ પ્રોજેક્ટ્સના અમલીકરણ અને વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ક્ષેત્રોમાં કૃત્રિમ બુદ્ધિમત્તાનાં મોડલ્સને અપનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**(RNU અમદાવાદ)**

---

## T-20 વિશ્વ કપ

ટી-20 વિશ્વકપની ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી ફાઇનલ મેચમાં ભારતનો વિજય થયો છે. ભારતે આપેલા 177 રનના લક્ષ્યાંક સામે દક્ષિણ આફ્રિકા ટીમ 20 ઓવરના અંતે 8 વિકેટ ગુમાવી 169 રન કરી શકી હતી. દક્ષિણ આફ્રિકાની ટીમ તરફ થી હેનરિક ક્લાસને 27 બોલમાં 52 રન કર્યા હતા જ્યારે ડી કોકે 31 બોલમાં 39 રન કર્યા હતા.જયારે ભારતીય ટીમ તરફથી વિરાટ કોહલીએ 76 જયારે અક્ષર પટેલ 47 રન કર્યા હતા. હાર્દિક પંડ્યાએ 3 વિકેટ લીધી હતી. જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહે 2-2 વિકેટ લીધી હતી. જસપ્રીત બુમરાહને શ્રેષ્ઠ પ્રદર્શન માટે મેન ઓફ ધ સીરીઝ જાહેર કરવામાં આવ્યા. મેચ દરમ્યાન સુર્યકુમાર યાદવે મિલરનો કેચ પકડતા મેચની બાજી પલટાઈ હતી.

ટીમ ઈન્ડીયા 13 વર્ષ બાદ ક્રિકેટની વિશ્વ વિજેતા ટીમ બની છે. જયારે 17 વર્ષ બાદ ટી-20 વર્લ્ડ કપ જીત્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈસીસી ટુર્નામેન્ટમાં 5 ફાઈનલ મેચ હાર્યા બાદ ટીમ ઈન્ડીયાનો ટી-20 વર્લ્ડ કપમાં

વિજય થતાં દેશના લોકોએ ફટાકડા ફોડી જીતની ઉજવણી કરતા મધ્યરાત્રી સુધી દિવાળી જેવો માહોલ સર્જયો હતો.

**(તૌફિક સમા/NP)**

---------------------------------------------------------------------

## GCAS –પોર્ટલ

GCAS પોર્ટલ અંગે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. વિદ્યાર્થીઓ તરફથી મળેલી રજૂઆતોને આધારે રાજ્ય સરકારે GCAS પોર્ટલ માટે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લીધા છે.

આગામી ચોથી જુલાઈ થી ૬ઠ્ઠી જુલાઈ સુધી સ્નાતક કક્ષાના તેમજ પહેલી જુલાઈથી ૩જી જુલાઈ સુધી અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે, તેમની અરજી સુધારવા ત્રીજા રાઉન્ડ માટે GCAS પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવશે.

GCAS પોર્ટલ મારફત કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ અભ્યાસક્રમ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલા વિષય વગેરેમાં જરૂરી ફેરફાર માટે સંબંધિત યુનિવર્સિટી કે કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.

GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થી દ્વારા કોલેજ-યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ મેળવેલ હોય અને પોતાનો પ્રવેશ કોઈ કારણસર રદ કરાવવા ઈચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીઓએ સંબંધિત યુનિવર્સિટી કે કોલેજમાં જઈ પોતાના પ્રવેશ રદ કરાવી શકશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## KDCC બેંક-પશુપાલકો માટે બેંક ખાતા

ધી કચ્છ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંક લી. પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સમગ્ર કચ્છના પશુપાલકોના 27000થી વધુ ખાતા ખોલવામાં આવ્યો છે અને જ્યાં બેંક સુધી ગ્રાહકો પહોંચી નથી શકતા તેવા છેવાડાના વિસ્તારોમાં માઈક્રો

એ.ટી.એમ. દ્વારા બેંકની સુવિધા સમગ્ર જિલ્લામાં શરૂ કરવામાં આવી છે.જેમા 105 માઈક્રો એ.ટી.એમ. શરૂ કરવામાં આવ્યા છે. અને ભવિષ્યમાં 400થી વધુ માઈક્રો એ.ટી.એમ. શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લામાં વિવિધ વિસ્તારમાં બેંકની શાખાઓ ખોલવામાં આવશે. નજીકના ભવિષ્યમાં મોબાઈલ, બેન્કીંગ / ઓનલાઈન બેન્કીંગની સેવાઓ પણ શરૂ કરવામાં આવશે. અત્યારે બેંક દ્વારા ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે કે.સી.સી. ધીરાણ તેમજ અન્ય લોન જેવી સુવિધાઓ પુરી પાડવામાં  આવે છે.

**(તૌફિક સમા/NP)**

-----------------------------------------------------------------------